# નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

## ૯.૧ ૧૫ટકા વિવેકાધીન જોગવાઈ, ૫% પ્રોત્સાહક તથા ખાસ પછાત વિસ્તાર ખાખરીયા ટપ્પા.

તાલુકા આયોજન સમિતી મારફતે જિલ્લા કક્ષાના કામોની દરખાસ્ત મળ્યે થી નિર્ણય લેવાની જવાબદારી જિલ્લા આયોજન મંડળ કરે છે. અને સૈધ્ધાંતિક મંજુરી મળ્યેથી સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) નાં સરકારી ઠરાવો, પરીપત્ર સંગ્રહ તથા માર્ગદર્શક યાદી અન્વયે વહીવટી મંજૂરી આપી કામોને માટે જુદા જુદા પ્રકારની ગ્રાન્ટોની ફાળવણી કરવામાં આવે છે.

### માન. ધારાસભ્ય ફંડ જોગવાઈ

માન.ધારાસભ્યશ્રીઓની જોગવાઈ હેઠળ કામો સૂચન કરવાની જવાબદારી જે તે ધારાસભ્યશ્રીને હોય છે. અને મંજૂર કરવાની સત્તા જિલ્લા આયોજન અધિકારીશ્રીને સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગના સરકારી ઠરાવો પરીપત્રના સંગ્રહ નિયમો તથા માર્ગદર્શક યાદી અન્વયે વહીવટી મંજૂરી આપી ગ્રાન્ટો ફાળવવામાં આવે છે.

### માન. સંસદ સભ્ય ફંડ જોગવાઈ

સંસદ સભ્ય ફંડ જોગવાઈ હેઠળ કામો સૂચન કરવાની સત્તા જે તે ચૂંટાયેલ સંસદ સભ્યશ્રીને હોય છે અને સૂચવેલ કામોને મંજૂર કરવાની સત્તા માન.કલેકટરશ્રી જિલ્લા આયોજન અધિકારીશ્રીને છે જે ભારત સરકારશ્રીનાં આંકડા અને પ્રોગ્રામ અમલીકરણ વિભાગનાં સ્થાનિક વિકાસ યોજના માર્ગદર્શક તથા કાયદા અન્વયેની જુદી માર્ગદર્શક ગાઈડ લાઈન મુજબ વહીવટી મંજૂરી આપી કામોને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

## ૯.૨ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ખાસ કિસ્સામાં નિર્ણય લેવા માટે ગુજરાત સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) સ્તરે વિચારવામાં આવે છે.

જયારે સંસદફંડ જોગવાઈ હેઠળ ખાસ કિસ્સા તરીકેની મંજુરી ભારત સરકારશ્રીનાં આંકડા અને પ્રોગ્રામ અમલીકરણ વિભાગ નવી દિલ્હીનાં નિયામકશ્રીનાં સ્તરે વિચારવામાં આવે છે.

## ૯.૩ નિર્ણયને જનતા સુધી પહોંચાડવાની શી વ્યવસ્થા છે?

મંજૂર થયેલ કામોને વહીવટી મંજૂરી મળ્યાબાદ તેની જાણ જે તે તાલુકાનાં તાલુકાના વિકાસ અધિકારીશ્રીને જાણ કરવામાં આવે છે. ત્યારબાદ તેઓશ્રી કામોનાં અમલ માટે વર્ક ઓર્ડર આપવા માટે જે તે ગ્રામ પંચાયતને જાણ કરવામાં આવે છે અને ગ્રામ પંચાયત ધ્વારા કામનું અમલીકરણ શરૂ કરવામાં આવે છે.

## ૯.૪ નિર્ણય લેવાની પ્રક્રિયામાં નીચેનાં અધિકારીશ્રીઓનાં મંતવ્ય લેવામાં આવે છે.

(૧) જિલ્લા કલેકટરશ્રી

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી,

(૩) જિલ્લા આયોજન અધિકારીશ્રી

(૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી

(૫) સંબંધીત અમલીકરણ અધિકારીશ્રી

## ૯.૫ નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી કોણ છે?

જિલ્લા કક્ષાએ અંતિમ નિર્ણય લેવાની સત્તા જિલ્લા આયોજન અધિકારીશ્રીને અને ત્યાર બાદના મજૂરીના કિસ્સામાં કલેકટરશ્રીની છે.

## ૯.૬ જે અગત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી ધ્વારા નિર્ણય લેવામાં આવે છે. તેની માહિતી નીચેના નમુનામાં આપો.

| | |
|---|---|
| ક્રમ નંબરઃ | ૧ |
| જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય | સમૂહ વિકાસના કામો. |
| માર્ગદર્શક સૂચન/દિશાનિર્દેશ જો કોઈ હોય તો | માર્ગદર્શક યાદી મુજબ. |
| અમલની પ્રક્રિયા | નિયત ધોરણ સરની. |
| નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારોઓનો હોદ્દો | મુદ્દા– ૯.૪ મુજબ. |
| ઉપર જણાવેલ અધિકારીઓના સંપર્ક અંગેની માહિતી. | સંબંધિત કચેરી. |
| જો નિર્ણયથી સંતોષ ન હોય તો કયાં અને કેવી રીતે અપીલ કરવી? | કલેકટરશ્રીને સાદી અરજીથી અપીલ કરી શકે. |